
## વડીલોને વંદન
## અભિનંદન



બળવંતરાય જે. શુક્લ
(૧૯૩૮) મો.૯૮૨૪૫૬૬૯૬૮

## સમસ્ત બ્રહ્મ સમાજના યુવાનોની વેબસાઈટ પર ફોટા સાથેની માહિતી

ગાંધીનગર, તા. ૨૨

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપક્રમે તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલ જીવનસાથી પસંદગી સંમેલનમાં ભાગ લીધેલ ઉમેદવારની રંગીન તસ્વીર સાથે સંપૂર્ણ માહિતી ટ્રસ્ટની વેબસાઈટ www. shrichanakysevatrast ઉપર જેવા મળી શકશે. સંસ્થાના ઈશ્વરભાઈ દવે દ્વારા જણાવેલ છે.

## ઉનાવા દૂધ ઉત્પાદક મંડળીની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉનાવા ગામે આજરોજ ધી ઉનાવા દૂધ ઉત્પાદક મંડળીની વાર્ષિક સામાન્ય સભા પોપટભાઈ સોમાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

ધી ઉનાવા દૂધ ઉત્પાદક મંડળીની વાર્ષિક સભા ઉનાવા ગામે આવેલ ડેરીના હોલમાં યોજાઈ હતી. જેમાં ડેરીના સભાસદો દ્વારા મધૂર ડેરી ગ્રાહકોના દૂધના વધારાના રૂપિયાની એફ.ડી. કરવાના હતા. તેનો વિરોધ પ્રદર્શિત કરી સર્વાનુમતે વિરોધ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેમજ સભા દરમિયાન આંતરિક ઓડીટર તરીકે રંજનબેન પોપટભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં દૂધ મંડળીના પ્રમુખ ગીરીશભાઈ પટેલ, મંત્રી નારણભાઈ, સેક્રેટરી લાલભાઈ પટેલ સહિત દૂધ મંડળીનો સ્ટાફ અને સભાસદો હાજર રહ્યા હતા.

## પતિના ત્રાસથી પરિણીતાએ સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા. ૨૩

પતિના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી અમદાવાદના ન્યુરાણીપની ૨૦ વર્ષીય પરિણીતાએ આજે ગાંધીનગર નજીક આવેલી સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું હતુ. આ બનાવ અંગે અડાલજ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી મૃતક યુવતીના પતિ વિરૂદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પ્લોટ નં. ૫૧૯/૧ ખાતે રહેતા નરસિંહભાઈ ગાભાભાઈ વાઘેલાની પુત્રી નિરૂપમાબેનના લગ્ન અમદાવાદના ન્યુ. રાણીપ ખાતે રહેતા રાજેશભાઈ રાધાક્રિષ્ણન શર્મા સાથે થયા હતા. પરંતુ લગ્ન બાદ તુરંત જ પતિ દ્વારા અગમ્ય કારણોસર શારીરિક અને માનસિક ત્રાસ અપાતો હતો અને અનેકોવાર મારજુડ કરી ઈજાઓ પહોંચાડવામાં આવતી હતી. આથી તંગ આવી ગયેલી પરિણીતા ગત રોજ વહેલી સવારે કોઈને પણ કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા અને દરમિયાન સવારે ૮.૫૦ કલાકના અરસામાં સુઘડ નર્મદા કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે અડાલજ પોલીસમાં જાણ થતાં પોલીસે ઘટના આવી નર્મદા કેનાલના પાણીમાં તરતા પરિણીતાના મૃતદેહને બહાર કઢાવ્યો હતો. અને અડાલાજ પોલીસે આ મામલે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે મૃતક પરિણીતાના પિતાએ પણ પુત્રીના પતિ વિરૂદ્ધ ૩૦૬ મુજબ ગુનો નોંધાવ્યો હતો.

## ઉત્તરાખંડના દિવંગતોના મોક્ષાર્થે સે. ૨૧ પોલીસમથકમાં હવન યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

દેશને હચમચાવી નાખનાર ઉત્તરાખંડની વિનાશક ઘટનામાં મોતની ગોદમાં સમાઈ ગયેલા યાત્રાળુઓની આત્માની શાંતિ માટે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ પોલીસમથકમાં પોલીસ કર્મીઓએ શાંતિ હવનનું આયોજન કર્યું હતું. જેમાં સામાન્ય નાગરિકો અને પોલીસ કર્મચારી સહિત શહેરના અનેક નાગરિકો હાજર રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર સમગ્ર દેશને જડમૂળથી હચમચાવી દેનાર કુદરતી પ્રકોપ સામે લડીને અંતે મોતની શરણે પહોંચેલા તમામ શ્રદ્ધાળુઓ-દિવંગતોની આત્માની શાંતિ માટે અને તેમને શ્રદ્ધાંજલિ અર્પવા સેક્ટર-૨૧ પોલીસના પ્રાંગણમાં શાંતિહવન યોજાયો હતો. અને જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, જિલ્લાના તમામ પોલીસમથકના પી.આઈ., ડીવાયએસપી, અને પોલીસ કર્મીઓ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## પેન્શન માટે દાદ માંગતા નિવૃત્ત વન વિભાગ કર્મચારી

ગાંધીનગર, તા. ૨૩

જંગલ ખાતાના નિવૃત્ત વન કર્મચારીને કોર્ટેહુકમ કર્યો હોવા છતાં પેન્શન મળતું નથી. પેન્શન મેળવવા માટે વારંવાર સરકારમાં રજૂઆત કરવા છતાં નિંભર તંત્ર સાંભળતુંનથી જેની વિરોધમાં અસીલ વી.એલ. જોશીએ આમરણાંત ઉપવાસ કર્યા છે અને સરકારમાં ન્યાય માટે અપીલ કરી છે.



વન વિભાગમાં ફોરેસ્ટ ગાર્ડ તરીકે વર્ષોસુધી સેવા આપનાર વી.એલ. જોશીએ પોતાને પેન્શન ચૂકવવા સરકારમાં રજૂઆત કરી હતી, પરંતુ તેમને પેન્શન ચુકવાતુ નથી. ૧૯૭૧ થી વન વિભાગમાં નોકરીએ લાગેલા વી.એલ. જોશીને નોકરી દરમિયાન પાંચ-પાંચ વખત ખોટી રીતે બરતરફ કરવામાં આવ્યા હતા અને ફરી પાછા નોકરીએ હાજર કર્યા હતા. પોતાની સાથે થયેલા અન્યાય બાબતે તેમણે ટ્રિબ્યુનલ કોર્ટમાં દાદ માંગી હતી અને તેમને પેન્શન ચૂકવવા કોર્ટ હૂકમ પણ કર્યો છે. છતાં તંત્ર દ્વારા કોઈ પણ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. સરકારમાંથી યોગ્ય સહકાર મળે અને પેન્શન ચાલુ થાય તે માટે આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા વી.એલ. જોશીએ માંગણી કરી છે.

## દહેગામમાંથી રૂ. ૧૦૦૦ નકલી ચલણી નોટ સાથે બંગાળી યુવાન પકડાયો

દહેગામ, તા. ૨૩

દહેગામ શહેરમાં આવેલ અતુલ સોસાયટીની સામે સ્થિત નવકાર કિરાણા સ્ટોર પર ગતરોજ સાંજના સમયે ૧૯ વર્ષીય બંગાળી



યુવાન રૂ. ૧૦૦૦ના દરની ૭ નકલી ચલણી નોટ લઈ આવ્યો હતો અને તે પૈકીની ૧ રૂ. ૧૦૦૦ની નકલી નોટનો ઉપયોગ કરવા જતા દુકાનદારની સભાનતાને લીધે તે યુવક પકડાઈ ગયો હતો. આ મામલે દહેગામ પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દહેગામ શહેરમાં અતુલ સોસાયટી સામે નવકાર કિરાણા સ્ટોર નામની એક દુકાન આવેલી છે. જ્યાં ગતરોજ સાંજના સુમારે ૧૯ વર્ષીય વ્યક્તિ કરબાન શેજદિન શેખ (રહે. અમરતલા, ઈલમપુર, થાના પોસ્ટ પલિયાચર, જિલ્લો માલદ પશ્ચિમ બંગાળ) રૂ. ૧૦૦૦ની ૭ નકલી ચલણી નોટ લઈ આવ્યો હતો અને ૭ પૈકી એક રૂ. ૧,૦૦૦ની ચલણી નોટનો ઉપયોગ કરી કિરાણાના વેપારીને આપી હતી. પરંતુ દુકાનના વેપારીને શક જતા તેણે નોટની તપાસ કરતા નકલી નોટ હોવાનું માલુમ પડતા તુરંત જ દહેગામ પોલીસમથકમાં જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તેને પકડી પોલીસમથકમાં લઈ આવી હતી. જ્યાં પોલીસ તેની જડતી લેતા તેની પાસેથી વધુ ૬ નકલી નોટો મળી આવી હતી. પોલીસે કુલ ૭ રૂ. ૧૦૦૦ની નકલી ચલણી નોટો કબજે કરી હતી અને આજે તેના રીમાન્ડ માટે કોર્ટમાં રજુ કર્યો હતો.આ ઘટના અંગે દહેગામ પોલીસમથકના પી.આઈ. કે.કે. પંડ્યા તપાસ ચલાવી રહ્યા છે.

## પરિણીતા પર સાસરીયા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા ફરિયાદ

### ઘાટલોડિયાની પરિણીતાએ પિયર ગાંધીનગરમાં આવી ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં રહેતી એક પરિણીતાને તેના પતિ અને સાસરીયાવાળાઓ તરફથી છેલ્લા ઘણા સમયથી શારીરિક અને માનસિક ત્રાસ અપાઈ રહ્યો હોવાથી પરિણીતાએ ગતરોજ પિયરમાં આવી ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસમથકમાં સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૮-બી પ્લોટ નં. ૫૫૧ ખાતે રહેતા રીટાબેનના લગ્ન થોડા સમય પહેલા અમદાવાદના ઘાટલોડીયા નજીક ચાણક્યપુર વિસ્તારમાં રહેતા નરેન્દ્ર હરજીભાઈ દેસાઈની સાથે થયા હતા. દરમિયાન રીટાબહેનનું લગ્નજીવન સામાન્ય ચાલતુ હતુ. પરંતુ થોડા સમય બાદ બન્નેના લગ્નજીવનમાં ખટપટ શરૂ થતાં પતિ દ્વારા અવાર-નવાર રીટાબહેનને શારીરિક અને માનસિક ત્રાસ આપી મારઝુડ કરતા હતા અને સાથે સાથે રીટાબહેનના સાસુ-સસરા સહિતના પરિવારજનો પણ માનસિક ત્રાસ આપતા હતા. જેથી કંટાળી ગયેલી પરિણીતા રીટાબહેન પોતાના પિયરમાં રહેવા આવી ગઈ હતી. તેમ છતાં સાસરીયાવાળા અવારનવાર હેરાન પરેશાન કરી રહ્યા હતા. અંતે આ ત્રાસથી કંટાળી પરિણીતાએ પતિ નરેન્દ્ર દેસાઈ, સસરા હરજીભાઈ દેસાઈ, સાસુ કાળીબેન હરજીભાઈ દેસાઈ, સંજય હરજીભાઈ દેસાઈ, મીનાબેન સંજયભાઈ દેસાઈ સહિત પાંચ વ્યક્તિઓ વિરૂદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી હતી. જે અંગે પી.એસ.આઈ. પી.એમ. રાઠોડ તપાસ ચલાવી રહ્યા છે.

## મણિનગરમાં મકાનનું તાળું તોડી ૪ લાખથી વધુની ચોરી

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદના મણિનગર વિસ્તારમાં ચાર લાખની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. મણિનગર વિસ્તારમાં આવેલ લિંકન એપાર્ટમેન્ટમાં ગત મોડી રાત્રે બંધ ઘરમાં તાળું તોડીને ચોરી ચલાવી હોવાની ઘટના સામે આવી છે. લગભગ રૂા. બે લાખથી વધુની અને સોના ચાંદી સહિત કુલ રૂા. ૪,૦૦,૦૦૦ની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘરના રહેવાસીઓ બહારગામ ગયા હોવાથી ઘરમાં તાળું હતું તેનો લાભ લઈને અજાણ્યા શખ્સોએ ચોરી કરી હતી. મોડી રાત્રે થયેલ આ ચોરીની જાણ સવારે પડોશીને તથા તેમને રહેવાસીના મોટા ભાઈને તાત્કાલીક જાણ કરી હતી જેમણે ઘટના સ્થળે આવીને પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મણિનગરના બી-૩, લિંકન એપાર્ટમેન્ટમાં ગત મોડી રાત્રે ચોરી થઈ હોવાની વાત બહાર આવી હતી. ઘરના રહેવાસીઓ અન્ય કારણોસર બહારગામ ગયા હતા આ વાતનો લાભ લઈને અજાણ્યા શખ્સોએ ઘરનું તાળું તોડીને ચોરી કરી હતી. જેમાં રોકડ રકમ રૂા. ૨.૨૫ હજાર અને સોના-ચાંદીના દાગીના સહિત રૂા. ૪,૦૦,૦૦૦નું ચોરી થયા હોવાની જાણ થયેલ છે. આ ચોરીની જાણ સવારે બાજુમાં રહેતા પડોશીએ રહેવાસીના ભાઈને કરી હતી.

## યાત્રિકોની યાદગાર વાતો....

### કોઈ સંબંધ ન હોવા છતાં સુરેશભાઈ યાત્રીકોને આવકારવા આવ્યા

ગાંધીનગર, તા. ૨૩

આજે ગાંધીનગર રેલવે સ્ટેશને આવેલા યાત્રીકોનું ઉષ્માભર્યુ સ્વાગત કરવા તેમના પરિવારજનો આવી ગયા હતા. આ ભીડમાં જેમનું કોઈ સ્વજન આવવાનું ન હતુ તેમ છતાં યાત્રીકોની મુલાકાતે સેક્ટર-૨માં રહેતા સુરેશભાઈ પ્રેમજીભાઈ પટણી આવ્યા હતા. તેમણે રેલવે સ્ટેશને ઉતરેલા તમામ યાત્રીકોનું ભાવભીનુ સ્વાગત કર્યું હતું. તમામ યાત્રીકો પાસે જઈ ઉભા રહેતા હતા. તેમણે વેઠેલી યાતના તેમના મુખે સાંભળતા હતા.

**● ઘર જેવડો મોટો પથ્થર તણાતો જોઈ રૂંવાડા ઉભા થઈ ગયા હતા**

કેદારધામમાં આભ ફાટતા વરસાદ પણ મન મુકીને વરસ્યો હતો.



ધસમસતા પાણીના પ્રવાહમાં મકાન જેવડો પથ્થર પણ પાણીની સાથે તણાતો જોતા લોકો હતપ્રભ બની ગયા હતા. આંખની સામે મોતનું તાંડવ કેદારધામમાં યાત્રાળુઓએ જોતા એ ક્ષણને યાદ કરતા આજે પણ તેમની આંખ ભીની થઈ ગઈ હતી. પૂરના પાણીમાં અનેક ગાડીઓ રમકડાંની જેમ ફંગોળાતી જોઈ છે. આવા અનેક કરૂણ દશ્યો જોતા જીવ પડીકે બંધાઈ ગયા હતા. ભગવાનની કૃપાથી બચી ગયા છીએ.

**- રમણભાઈ મિસ્ત્રી, રંજનબેન મિસ્ત્રી, (વડોદરા)**

**● નદી પણ દરીયાની માફક વિફરી**

કુદરતના આગળ માનવજાત વામળી પૂરવાર થાય છે. તે આવેલા પ્રકોપમાં સૌએ નજરે જોયું. કુદરત આગળ વિજ્ઞાન અને અસંખ્ય ટેકનોલોજી પણ નિરર્થક છે. તે આ આવેલા પ્રકોપમાં નજરે જોવા મળ્યું. માનવશક્તિ તેમજ ટેકનીકલ માર્ગદર્શનથી બનાવવામાં આવેલો પુલ પણ પત્તાની માફક ધરાસાઈ થઈ ગયો. નદીના વહેણમાં મકાનથી પણ મોટો પથ્થર વહેણમાં તણાતો જોયો હતો અને ગૌરીકુંડમાંથી પાણીની છાલકો ૨૦ ફૂટ ઉંચી નજરે જોઈ હતી. પહેલા અહિયાથી ગયા ત્યારે નાહવાની ઈચ્છા હતી પરંતુ કોરા થઈએ તો નાહીએ ને. કુદરતે સુકા થવાનો મોકો પણ ના આપ્યો.

**- ડો. પંકજ મીસ્ત્રી, ગાંધીનગર, સે. ૭-બી**

**● ગાડીની સાથે ડ્રાઈવર પણ તણાતા નજરે જોયા !!**

કેદારનાથની યાત્રાએ ગયેલા અને મોતને જાણે નજરે જોનારા લોકોમાં ભરતભાઈ પટેલનો પણ સમાવેશ થાય છે. ભરતભાઈ પટેલ ગત તા. ૧૦ જૂનના રોજ ગાંધીનગરથી ચારધામની યાત્રા માટે નિકળ્યા હતા. પરંતુ ૧૫ જૂને ઉત્તરકાશી તેઓ પહોંચ્યા અને ત્યાં રોકાવવાનું હતુ અને ત્યારબાદ તેમને ત્યાંના પ્રસાશન દ્વારા આગળ જવા નહોતા દીધા પરંતુ તે સમય દરમ્યાન તેમણે જે નજારો ઉત્તરકાશીનો જોયો છે તે ખરેખર કોઈના પણ રૂવાંડા ઉભા કરી દે તેવો છે. ઉત્તરકાશીમાં પાણીનો પ્રકોપ એટલો ખતરનાક હતો કે કોઈ કલ્પના જ નહી. તેમણે તેમની ગાડીમાં બેઠા બેઠા પાર્કિંગ એરીયામાંથી પાર્ક કરેલી ગાડીઓ પોતાની નજર સામે પાણીના પ્રકોપમાં તણાતી જોઈ હતી. ગાડીઓ તણાઈ ત્યાં સુધી વાંધો નથી પરંતુ ગાડીઓની અંદર જે ડ્રાઈવર હોય છે તે ગાડીની અંદર જ સુતા હોય છે અને સુતા ડ્રાઈવરોને આંખ ખોલવાનો પણ સમય આ કુદરતી પ્રકોપે આપ્યો ન હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સ્થાનિક પ્રસાશન દ્વારા જે જગ્યાએ હોનારત ઓછી છે ત્યાં પણ વ્યવસ્થાના નામે કોઈપણ પ્રકારની ગોઠવણી કરવામાં આવી નહોતી. ત્યાંના જે બચી ગયેલા સ્થાનિકો છે તે આવા સમયમાં બહારથી આવેલા લોકોને લુંટવાનું કામ કરી રહ્યા છે.

**- ભરતભાઈ પટેલ, રાંધેજા**

## શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ સવારની થતાં લોકોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ બપોર પાળીમાં ચાલતી હતી. વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને લોક માંગણીને ધ્યાને લઈ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ કોલેજને સવારપાળી કરવાની મંજૂરી આપી છે. સવારની કોલેજ થતાં સ્થાનિકજનો તેમજ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ ખુશ થયા છે અને સંસ્થા તથા કુલપતિનો આભાર માન્યો છે.

કલોલ શહેરમાં તેમજ કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોમર્સ ગ્રેજ્યુએશનને લગતી અને સારૂ એવું શિક્ષણ આપતી કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત એકમાત્ર શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજ અત્યાર સુધી બપોરની પાળીમાં ચાલતી હતી. આ કોલેજમાં બી.કોમ.ની ડીગ્રી લેવલ સુધીના અભ્યાસ કરતા આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ એટલે કે એમ.કોમનો અભ્યાસ કરતા આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ બપોરની પાળીમાં શિક્ષણ મેળવતા હતા. કલોલ તાલુકા કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, પ્રમુખ અને મંત્રીઓ બધાએ કોમર્સ કોલેજના આચાર્ય, શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક સ્ટાફ અને આ વિસ્તારના વાલીઓની લાગણી અને માગણીને ધ્યાને રાખી સુવિધાયુક્ત કોલેજનું સ્વતંત્ર મકાન કોમર્સ કોલેજને ફાળવી આપતા કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટીએ કોમર્સ કોલેજને સવારની કરવાની મંજૂરી આપી છે. આ સમાચારથી કલોલ શહેરમાં તેમજ આજુબાજુના વિસ્તારોમાં આનંદ વ્યાપ્યો છે.

સવારની પાળીમાં કોમર્સ કોલેજની બિલ્ડીંગમાં જ બી.બી.એ.ની સંસ્થા ચાલુ કરવાથી આ વિસ્તારના શિક્ષણ પ્રેમીઓની વધતી જતી શિક્ષણ અંગેની ભૂખને સંતોષી શકાશે. આ માટે સૌએ કલોલ તાલુકા કેળવણી મંડળ અને કુલપતિશ્રીનો આભાર માન્યો છે.




## મોકટેલ-ધી કાવ્યરસ પુસ્તકનો વિમોચન સમારોહ યોજાયો

અમદાવાદની ચાર કવયિત્રીઓ આરતી શેઠ, ઊર્મિ પંડિત મહેતા, ગોપાલી બૂચ અને ભાર્ગવી પંડ્યાના સહિયારા સર્જન એવા 'મોકટેલ-ધ કાવ્યરસ' પુસ્તકનો વિમોચન સમારંભ તાજેતરમાં જાણીતા લોકપ્રિય લેખક જય વસાવડા અને કાજલ ઓઝા વૈદ્યની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. 'મોકટેલ ધ કાવ્યરસ' પુસ્તક વિમોચન પ્રસંગે જય વસાવડાએ કવિતાને OFFER તરીકે સરખાવી OFFER વિશે જણાવતા કહ્યું કે ઓબ્ઝર્વેશન, ફિલીંગ્સ, ફેન્ટસી, ઈમોશન્સ અને રેસિસટન્સ એટલે જ કવિતા. કાજલ ઓઝા વૈદ્યએ સ્ત્રી, કવિતા, ખુમારી વિશે ભાવવાહી શૈલીમાં એમના વિચારો રજૂ કરી સુંદર રીતે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે આરતી, ઊર્મિ, ભાર્ગવી અને ગોપાલીએ પણ પોતપોતાની કવિતાને અલગ અલગ અંદાજથી રજુ કરી હતી. હવે ગુજરાતી ભાષાનો નવો અવાજ જ્યારે ઉઘડી રહ્યો છે ત્યારે આવુ સાહસ પ્રસંશનીય છે. આ પ્રસંગે ચિનુ મોદી, વિવેક દેસાઈ, ઉષા ઉપાધ્યાય, કૃષ્ણ દવે, સૌમિલ મુન્શી અને અસિત વોરા તેમજ સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શબ્દાવલી - ૫૦૯૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | ૭ | | | ■ | |
| ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | ૧૧ | |
| ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ■ | ૧૫ | |
| ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ | | |
| | ■ | ■ | ૧૯ | ■ | ૨૦ | | ■ |
| ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ | ૨૪ |
| ૨૫ | | | | ■ | ૨૬ | | |

### આડી ચાવી

૧. સ્ત્રી-નારી (૩)
૩. ચર્ચા-વિચારણા (૪)
૬. ધિક્કાર (૪)
૮. મક્ષિકા (૨)
૧૦. બાજુ (૩)
૧૨. લીફ્ટ, દાદરા ના ચડવા હોય તો ... માં બેસો (૨)
૧૫. ... રહા સનમ ભુલેંગે ના હમ... (વાદા, વચન) (૨)
૧૬. સુટકેશ બનાવતી એક કંપની (૩)
૧૭. મશીન વગેરે ઓજાર (૪)
૨૦. પહાડી વિસ્તારમાં ધુમ્મસ ભર્યા વાદળા આવે તે (૨)
૨૧. ગરીબ (૨)
૨૩. ચુંદડી, ઓઢણી (૩)
૨૫. ભળાવવું, ... કરવી (૪)
૨૬. ભઠ્ઠી... (૩)

### ઊભી ચાવી

૧. ગુણગાન (૩)
૨. રાતુ (૨)
૩. તોરા... દરપન કહલાયે (૨)
૪. અવિરત (૩)
૫. પક્ષ લેવો તે, ... કરવી (૫)
૭. દોસ્તી, મિત્રતા (૨)
૯. મહંમદ પછી ઈસ્લામી ધર્મના વડા (૩)
૧૧. મોકલવું તે, રવાના કરવું (૪)
૧૩. બાળવાર્તામાં આવતી સ્ત્રી (૨)
૧૪. દેશ (૨)
૧૬. ફંકશન, સ્ટેજ પ્રોગ્રામ (૪)
૧૮. લાગવગ (૪)
૧૯. 'ચૂરણ' શબ્દ આડોઅવળો (૩)
૨૨. ... કાર, કળા, આવડત (૨)
૨૪. ચોળાની વાનગી (૨)

### શબ્દાવલી ૫૦૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) શિખાઉ (૩) કુંદન (૬) પડોસણ (૭) ચપળ (૮) ઘેલછા (૧૨) છલ (૧૩) બગાવત (૧૬) તરાપ (૧૭) નર (૧૯) કોલ (૨૦) કચીકો

**ઊભી ચાવી :-** (૧) શિખામણ (૨) ઉલેચવું (૩) કુંપળ (૪) દડો (૫) નસ (૮) ઘેરાવ (૯) છાલ (૧૦) ચાલ (૧૧) ચબરાક (૧૨) છણકો (૧૪) ગાપચી (૧૫) તન (૧૮) રફ

## રિક્ષામાં બેઠેલા મુસાફરને મારી રૂ. ૫ હજારની લૂંટ

અમદાવાદ,તા. ૨૩

શહેરમાં ઓટોરીક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસીને મુસાફરોને લૂંટવાના બનાવોમાં દિવસને દિવસે વધારો થઈ રહ્યો છે. શહેરના વેજલપુર વિસ્તારમાં રહેતા રસીકભાઈ મોડી રાત્રે બહારગામથી ઘરે પરત ફરી રહ્યા હતાં ત્યારે રીક્ષામાં બેઠેલા અજાણ્યા શખ્સોએ તેમને મારમારી રૂ. ૫૦૦૦ની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. આ અંગે રસીકભાઈએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વેજલપુર વિસ્તારમાં આવેલા જીવરાજપાર્ક સોસાયટી ખાતે રસીકભાઈ વિઠ્ઠલભાઈ સાકરીયા (ઉ.૨૧) પોતાના પરિવાર સાથે રહે છે. શનિવારે રાત્રેતેઓ સરખેજ ચોકડીથી જીવરાજ પાર્ક જવા એક ઓટોરીક્ષામાં બેઠા હતાં.

આ રીક્ષામાં પહેલેથી બે શખ્સ બેઠા હતાં તે દરમિયાન રિક્ષાચાલક એક અવાવરૂ જગ્યાએ રીક્ષા લઈ ગયો હતો અને રસીકભાઈને રીક્ષામાં બેઠેલા બે શખ્સો અને રીક્ષાચાલકે મળી માર મારી મોબાઈલ ફોન રોકડ રૂ. ૫૦૦૦ તેમજ પર્સ લઈ તેમને રીક્ષામાંથી નીચે ફેંકી નાસી છૂટયા હતા આ અંગે રસીકભાઈએ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાણીના ટીપાં.... ● પહેલા પાનાનું ચાલુ

કે તેઓની સાથે તેમની દિકરી ડૉ. રિધ્ધિ મેવાડા પણ રામવાડી ખાતે એક તબક્કે બેભાન થઈ ગઈ હતી પણ અમે તેને ખેંચીને ઉપર લઈ ગયા હતા અને પરાણે ચલાવી હતી.

તેમની સાથે યાત્રામાં ગયેલા નારણભાઈ સીતાપરાની દિકરી હજુ ગૌરીકુંડમાં સારવાર હેઠળ છે અને તેમનો પરિવાર દહેરાદુન છે. મહેન્દ્રભાઈ પટેલ અને તેમના પરિવાર સાથે લશ્કરની મદદથી ગુપ્ત કાશી અને ગુપ્ત કાશીથી હરદ્વાર પહોંચ્યા હતા.

મહેશભાઈ મેવાડાએ જણાવ્યુ હતુ કે શાંતિકુંજમાં ડૉ. દિનકર ગોસ્વામી અને તેમની ટીમે અમને જે સારવાર આપી તે પછી આજે થોડુક ભોજન લીધુ છે. જો કે આજે સાંજે અથવા સોમવારે અમે ગાંધીનગર આવવા નીકળશુ. તેમણે કહ્યું હતુ કે આપવીતીની આપદાને શબ્દોમાં વર્ણવવી અશક્ય છે એટલુ ચોક્કસ કે અમે નવી જીંદગી મેળવી છે...!

શાંતિકુંજ ખાતે શ્રી બિપીનભાઈ ભટ્ટ અને અન્ય અધિકારીઓની કામગીરી પણ પ્રશંસનીય છે. તેમને બધાને જોયા પછી અમેને જે સાંત્વના, સ્નેહ મળ્યો છે જે કાળજી લીધી છે તે શબ્દોમાં કેવી રીતે કહેવી સમજ પડતી નથી.

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઇલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**મધુર ઘી, મધુર દહીં, પનીર, આઈસક્રીમની એજન્સી આપવાની છે.**

(૧) ગાંધીનગર ડેરી ઉત્પાદિત મધુર ઘી પેકીંગમાં વેચાણ માટે વાર્ષિક ધોરણે કમિશનથી નીચે જણાવેલ બે ઝોનમાં અલગ અલગ એજન્સી આપવાની છે. ઝોન-૧ સેક્ટરો - એકી સંખ્યાવાળા, જોન-૨ સેક્ટરો - બેકી સંખ્યાવાળા તેમજ અન્ય વિસ્તારમાં ઘીનું વેચાણ કરવા માટે.
(૨) મધુર દહીં, મધુર પનીર અને મધુર આઈસક્રીમની વાર્ષિક ધોરણે કમિશનથી એજન્સી આપવાની છે.

જેઓ પરમેનન્ટ ઈન્કમટેક્ષ, વેટ નંબર તેમજ ઘી / ડેરી પ્રોડક્ટના વેચાણનો અનુભવ ધરાવતા ઈસમો / ફર્મ તથા સહકારી સંસ્થાએ મધુર ડેરીની ઓફિસે રૂબરૂમાં આવી એજન્સી અંગેની શરતો સાથેનું ટેન્ડર ફોર્મ રૂ.૨ ૫૦૦/- રોકડા ચૂકવી (નોન-રીફંડેબલ) જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨૭-૬-૧૩ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં મેળવી, ભરેલું સીલબંધ ટેન્ડર મોડામાં મોડા તા. ૨૮-૬-૧૩ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં, ટેન્ડર ડીપોઝીટના રૂ. ૨૫,૦૦૦/- (રીફંડેબલ)ના ઉપર જણાવેલ સંસ્થાના નામના ડી.ડી. સાથે રૂબરૂમાં ઉપરોક્ત સ્થળે પહોંચાડવાના રહેશે. સમયમર્યાદા બાદ કોઈપણ ટેન્ડર / ઓફર સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડર / ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તેનો અબાધિત અધિકાર મેનેજિંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

**મેનેજિંગ ડિરેક્ટરશ્રી**